અપીલ અરજી નં.૨૩૫ તા.૨૯–૧૦–૦૯/૧૦

અરજદારઃ– ડો.બાબુલાલ એમ. શાહ

સામાવાળાઃ– (૧)ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

(૨) ડે.કમિશ્નર(૫અનેઇ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ

## *ફરીયાદની હકીકતઃ–*

***વિષય :***– આરટીઆઇ એકટ હેઠળ શ્રી ડો.બાબુલાલ એમ. શાહની તા.૨૪–૯–૦૯ ની અરજીથી ૨૦૦૬ થી સુ.મ.ન. ધ્વારા વકીલોની પેનલ પર કઈ કઈ વ્યકિતઓની નિમણુંક કરવામાં આવી, ઝોનવાઈઝ વકીલોની પેનલની નિમણુંક કરવામાં આવી છે,પી.જે જરીવાળા કે જીજ્ઞેશ સુખારામવાલા કોર્પોરેશનના વકીલોની પેનલ પર છે કે નહી? પી.જે. જરીવાળા એડવોકેટને ૨૦૦૬ થી આજ દીન સુધી કયા કયા કેસોમાં કેટલી ફી ચૂકવી તેની માહિતી આપવી , આસી.લો ઓફિસરને (વકીલો)ની નિમણુંક કરવા માટે પાવર ડેલીગેટ કરવામાં આવેલ છે કે નહીં, ચીફઝોનલ ઓફિસર એકઝીકયુટીવ એન્જીનીયર શું શું અભ્યાસ કરવામાં આવેલ છે. વિગેરે મુદ્દા નં.૧ થી ૧૭ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***–અરજદાર મજકુરની તા.૨૯–૧૦–૦૯ ની અપીલ અરજી નં.૨૩૫/૨૦૦૯–૧૦

શ્રી ડો.બાબુલાલ એમ. શાહની તા.૨૪–૯–૦૯ ની અરજીથી ૨૦૦૬ થી સુ.મ.ન. ધ્વારા વકીલોની પેનલ પર કઈ કઈ વ્યકિતઓની નિમણુંક કરવામાં આવી, ઝોનવાઈઝ વકીલોની પેનલની નિમણુંક કરવામાં આવી છે, પી.જે. જરીવાળા કે જીજ્ઞેશ સુખારામવાલા કોર્પોરેશનના વકીલોની પેનલ પર છે કે નહીં, પી.જે જરીવાળા એડવોકેટની ૨૦૦૬ થી આજદીન સુધી કયા કયા કેસોમાં કેટલી ફીચૂકવી તેની માહિતી આપવી , આસી.લો ઓફિસરને (વકીલો)ની નિમણુંક કરવા માટે પાવર ડેલીગેટ કરવામાં આવેલ છે કે નહીં, ચીફઝોનલ ઓફિસર એકઝીકયુટીવ એન્જીનીયર શું શું અભ્યાસ કરવામાં આવેલ છે. વિગેરે મુદ્દા નં.૧ થી ૧૭ ની માહિતી આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનના પત્ર નં.ઈઝેડ/આરટીઆઈ/૩૩૩ તા.૧૬–૧૦–૦૯ તથા ડે.કમિશ્નર (૫ અને ઈ)અને જાહેર માહિતી અધિકારી મહેકમના પત્ર નં .જીએડી/ઈએસટી/૨૨૧૪ તા. ૧૬–૧૦–૦૯ થી આપેલ જવાબો અધુરા અને અસ્પષ્ટ મળેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૯–૧૦–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર ન.આરટીઆઈ સેલ/૮૫૬ તા.૭–૧૧–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) અને ડે.કમિશ્નર(૫અનેઇ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ વિભાગને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ડે.કમિશ્નર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી તરફથી જાવક નં.જીએડી/ઈએસટી/૨૫૦૭ તા.૧૨–૧૧–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં સેન્ટ્રલઝોન તરફથી સ ે.ઝોન/આરટીઆ/જાવક/૮૭૧ તા.૨૯–૯–૦૯ થી પર્સોનલ ઓફિસર મહેકમ ,ઈ.ચા. લો ઓફિસર ,કાર્યપાલક ઈજનેર વરાછાઝોન, વર્ક શોપ સુપ્રિ.શ્રી અને ટાઉન પ્લાનરશ્રીને તબદીલ કર્યાની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, કાર્યપાલક ઈજનેરશ્રી તથા આસી. જંતુનાશક અધિકારીની જગ્યાની લાયકાતની નકલ, સ્થા.સ.ઠ. ૨૦૧૩ તા.૨૦–૧–૮૪ ની નકલ, સામાન્ય સભાના ઠરાવ નં.૨૪૨૩ તા.૧૩–૩–૮૪ ના ઠરાવની નકલ, સા.સ.ઠરાવ નં.૪૦૦ તા.૨૦–૩–૮૪ ની નકલ, સા.સ.ઠ.નં.૨૬૫ તા.૪–૩–૮૭ ની નકલ, ફાઈલેરીયા મેલેરીયા વિભાગના કર્મચારીઓના મહેકમ શીડયુલનું પત્રક, ૧૫ માર્ચ ૧૯૮૬ શહેર હદ વિસ્તરણના જાહેરનામાની નકલ, અરજદારને દસ્તાવેજી પુરાવા અંગે પાઠવેલ પત્ર નં.જીએડી/ઈએસટી/૨૦૮૦ તા.૩–૧૦–૦૯ ની નકલ, અરજદારને આપેલ માહિતી પત્ર નં.જીએડી/ઈએસટી/૨૨૧૪ તા.૧૬–૧૦–૦૯ ના પત્રની નકલ અત્રે રજૂ કરેલ છે તથા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી તરફથી ઈ.ઝેડ/એપેલ ેટ/આરટીઆઈ/અરજી નં.૩૩૩ તા.૧૮–૧૧–૦૯ થી પૂરક માહિતી મળેલ છે. જેમાં નોંધ વિભાગ, સે.ઝોન તરફથી તબદીલ થયેલ નં.૮૭૧ તા.૨૯–૯–૦૯ ની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને પાઠવેલ માહિતી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૩૩૩ તા.૧૬–૧૦–૦૯ ના પત્રની નકલ પૂરક વિગતોમાં અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૨૪–૯–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી મુદ્દા (૧) સને ૨૦૦૬ થી સુરત સુમપા ધ્વારા વકીલોની પેનલ પર કઈ કઈ વ્યકિતઓની નિમણૂંક કરવામાં આવી છે તેની યાદી. (૨) ઝોનવાઈઝ વકીલોની પેનલની નિમણૂંક કરવામાં આવી છે પછી લો ખાતા ધ્વારા પેનલ વકીલોની નિમણૂંક કરવામાં આવે છે તેની માહિતી. (૩) પેનલના વકીલો બૂમો પાડે છે કે કામ મળતું નથી અને પેનલની બહારની વ્યકિતઓને કેવી રીતે નિમણૂંક કરવામાં આવે છે. (૪) પી જે. જરીવાલા કે જીજ્ઞેશ સુખારામવાલા કોર્પો. ના વકીલોની પેનલ પર છે કે નહી તેની માહિતી. (૫) પી.જે. જરીવાલા એડવોકેટની ૨૦૦૬ થી આજ દિન સુધી કયા કયા કેસોમાં કેટલી ફી ચૂકવી તેની માહિતી અને તેઓ પેનલ બહારના વકીલ છે કે નહીં તેની માહિતી અને તેમની લો કમિટિ ધ્વારા નિમણૂંક પેનલ પર કરવામાં આવી છે કે નહીં તેની માહિતી. ( ૬) પી.જે. જરીવાલા જેટલા કેસોમાં નિમણૂંક કરવામાં આવી હોય તેની માહિતી અને તેમાં કેટલી ફી ચૂકવવામાં આવી તેની માહિતી. (૭) આસી. લો ઓફિસરને વકીલોની નિમણૂંક કરવા માટે પાવર ડેલીગેટ કરવામાં આવે છે કે નહીં તેની માહિતી અને તેના પાવર ડેલીગેટની નકલ.(૮) ચીફ ઝોનલ ઓફિસર તથા એકઝી. એન્જી. શું શું અભ્યાસ કરવામાં આવેલ છે તેની માહિતી અને તેઓ કોર્પો. માં દાખલ થયા ત્યારે તેમની શું લાયકાત હતી. અને હાલમાં શું લાયકાત છે તેની માહિતી. (૯) જો કોઈ ડીપ્લોમાં હોલ્ડરને એકઝી. એન્જી. બનાવવામાં આવેલ હોય તો જાહેર ખબર આપવામાં આવી છે કે નહી તેની માહિતી.અને જો જાહેર ખબર આપી હોય તો તેની નકલ. જાહેર ખબર આપ્યા વગર કેવી રીતે તેમની નિમણૂંક કરી તેની કાયદાકીય માહિતી. (૧૦) આસી. જંતુનાશક અધિકારી તથા ચીફ સેનેટરી ઈન્સ્પેકટર ની લાયકાતો શું છે અને તેઓના પગારગ્રેડ શું છે તેની માહિતી. (૧૧) આસી. જંતુનાશક અધિકારીને કેવી રીતે ગાડી ફાળવી આપી તેની માહિતી. કયા ગ્રેડના અધિકારીઓને ગાડી ફાળવી અપાય તેની માહિતી. (૧૨) ચીફ સેનેટરી ઈન્સ્પેકટરનો ગ્રેડ આસી. જંતુનાશક અધિકારી કરતાં વધારે છે તો કેવી રીતે આસી. જંતુનાશક અધિકારીને ગાડી ફાળવી આપી શકાય કે પછી વધારે માનીતા અધિકારીને ગાડી ફાળવી આપી તેવું તો નથીને? આસી. જંતુનાશક અધિકારીને શું કામગીરી કરવી તેની માહિતી આપવી. (૧૩) આસી. જંતુનાશક અધિકારી વગર પણ સુમપા પાસે સક્ષમ અધિકારીઓ છે કે જેઓ ફરીને પોતાના વ્હીકલ પર કામ કરાવે છે. કે પછી આવા જંતુનાશક અધિકારીઓ ગાડીમાં ફરવા કે મોજમજા કરવાનો ઉપયોગ કરે છે. (૧૪) ફાયલેરીયા ખાતામાં ચીફ સેનેટરીની કેટલી જગ્યા છે તેની કેમ ભરવામાં આવતી નથી તથા તે પોસ્ટ પર કોની નિમણૂંક કરવામાં આવી છે ચીફ સેનેટરી ઈન્સ્પેકટર બહોળો અનુભવ ધરાવતા હોય અને કોર્ટનું જ્ઞાન ધરાવતો હોય તો પોસ્ટ કેમ ખાલી રાખવામાં આવી છે પોસ્ટ ખાલી રાખવાનું કારણ. (૧૫) નાના વરાછા ગામતળમાં ચૂંટણીની આચાર સહિતા દરમ્યાન કેટલા નવા બાંધકામો વગર પરવાનગીએ થયેલ છે. અને હાલમાં કેટલા બાંધકામો ચાલુ છે. ખાડી પર કોર્પો. ના દફતરના માપ છે તેના કરતાં વધુ બાંધકામ થયેલ છે તો તેઓના પ્લાન પાસ છે કે નહીં કે પછી સરકારી જમીન પર દબાણ કરી બાંધકામ કરેલ છે. તેની સામે પણ કેવા પગલા લીધા તેની માહિતી. (૧૬) રત્ના ચેમ્બર્સ વરાછારોડ રાજ મેડીકલની નીચે અંડર ગ્રાઉન્ડમાં ઓપન ટુ સ્કાય કવર કરી પગથિયા બનાવીને દુકાન બનાવવામાં આવેલ છે તે કાયદેસર છે કે ગેરકાયદેસર જો ગેરકાયદેસર હોય તો આપના ખાતા તરફથી શું પગલા લેવામાં આવ્યા તેની માહિતી. (૧૭)માર્ચ ૧૯૮૬ માં જયારે સુમપાનું વિસ્તરણ કરવામાં આવ્યું ત્યારના જાહેરનામાની નકલ. આમ મુદ્દા નં.૧ થી ૧૭ની માહિતી માંગવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર

નં.સે.ઝોન/આરટીઆ/જાવક/૮૭૧ તા.૨૯–૯–૦૯ થી ઈ.ચા.લો ઓફિસર, પર્સોનલ ઓફિસર મહેકમ, કાર્યપાલક ઈજનેર ઈસ્ટઝોન, ટાઉન પ્લાનરશ્રી અને વર્કશોપ સુપ્રિ.શ્રીને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી તરફથી નં.જીએડી/ઈએસટી/૨૦૮૦ તા.૩–૧૦–૦૯ થી દસ્તાવેજી નકલો પાના નં.૨૪ પ્રતિ રૂા.૨/ લેખે રૂા.૪૮/– કચેરીમાં રકમ જમાં કરાવ્યા પછી કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવો પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને રસીદ નં.૭૯૪૬૭ તા.૧૩–૧૦–૦૯ થી અરજદારે રકમ ભરપાઈ કરી માહિતી મેળવેલ છે. તેમજ અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/૨૨૧૪ તા.૧૬–૧૦–૦૯ થી મુદ્દા નં.૮ થી ૧૦ તથા ૧૪ અને૧ ૭ ની માહિતી આપવામાં આવેલ છે. કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી વર્કશોપ તરફથી ઓટો વર્કશોપ/આ.નં.૭૧૧ તા.૧ ૩–૧૦–૦૯ થી આસી. જંતુનાશક અધિકારીને મે. કમિશ્નરશ્રીની મંજુરી અન્વયે ગાડી ફાળવવામાં આવેલ છે. જયારે કયા ગ્રેડના અધિકારીને ગાડી ફાળવવાની હોય છે તે બાબતે પર્સોનલ ઓફિસર મહેકમ વિભાગને અરજી તબદીલ કરવામાં આવેલ છે તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી ઈ.ઝેડ/આરટીઆઈ/૩૩૩ તા.૧૬–૧૦–૦૯ થી મુદ્દા નં.૬,૧૫ અને ૧૬ બાબતે માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

ઉપરોકત માહિતી સંબધે અરજદારે જવાબો અધૂરા અને અસ્પષ્ટ મળેલ છે તેવું જણાવી તા.૨૯–૧૦–૦૯ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આપવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.૮ ચીફ ઝોનલ ઓફિસર તથા એકઝી. એન્જી.નું શું શું અભ્યાસ કરવામાં આવેલ છે તેની માહિતી અને કોર્પો. માં દાખલ થયા ત્યારે તેઓ પાસે શું કવોલીફીકેશન હતું અને હાલમાં શું કવોલીફીકેશન છે તેની માહિતીના પ્રશ્નમાં ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી તરફથી ચીફ ઝોનલ ઓફિસરની સુરત મહાનગરપાલિકા કોઈ જગ્યા નથી. એકઝી. એન્જી. ની નિયત કરવામાં આવેલ લાયકાત દર્શાવતી નકલ સામેલ કરેલ છે. સુમપામાં નિમણૂંક પામેલ એકઝી. ઈજનેરો નિમણૂંક સમયે નિયત લાયકાત ધરાવતાં હતાં કે ધરાવે છે માહિતી સંદર્ભે અધિકારીની ચોકકસતાં સ્પષ્ટ થતી નથી. તેવી માહિતી આપવામાં આવેલ છે. જેના સંદર્ભે અરજદારે અપીલ અરજીમાં ચીફ ઝોનલ ઓફિસરની પોસ્ટ નથી તેવી માહિતી આપેલ છે તે ખોટી છે તેવી રજૂઆત કરેલ છે. વધુમાં અરજદારે કોર્પોરેશનના દાખલ વખતે તેઓનું શું કવોલીફીકેશન હતું અને હાલમાં શું કવોલીફીકેશન છે તેની માહિતી આપવામાં આવેલ નથી. તે સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ કાર્યપાલક ઈજનેર સીવીલની માહિતી પૂરી પાડયાની નકલ અત્રે રજૂ કરેલ છે. વધુમાં માંગેલ માહિતી અધિકારીની ચોકકસતા સ્પષ્ટ કરતી નથીતેવું પણ અરજદારને જણાવેલ છે. જેમાં અધિકારી બાબતે અરજદાર ખુદ સ્પષ્ટ નથી. મુદ્દાન નં.૯ જો કોઈ ડીપ્લોમાં હોલ્ડરને એકઝી. એન્જી. બનાવવામાં આવેલ હોય તો જાહેર ખબર આપવમાં આવી છે કે નહીં તેની માહિતી આપવી. અને જો જાહેર ખબર આપી હોય તો તેની કોપી આપવી. જાહેર ખબર આપ્યા વગર કેવી રીતે તેમની નિમણૂંક કરી તેની કાયદાકીય માહિતી આપવી. જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારી સુમપામાં ફરજ બજાવતાં એકઝી. એન્જીનીયરો ફરજ બજાવતાં એકઝી. નિયત ભરતી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ નિમણૂંક પામેલ છે. જાહેરાત સંદર્ભનો રેકર્ડ નિયમોનુસાર નાશ કરવામાં આવેલ છે. માહિતી સંદર્ભે અધિકારીની ચોકકસતાં સ્પષ્ટ થતી નથી તેવી માહિતી આપવામાં આવેલ છે. જેના સંદર્ભે અરજદારે રેકર્ડના નિયમોનુસાર નાશ કરેલ છે તો નાશ કરેલ રેકર્ડની યાદીની માંગણી કરેલ છે. મુદ્દા નં.૧૧ આસી. જંતુનાશક અધિકારીને કેવી રીતે ગાડી ફાળવી આપી તેની માહિતી. કયા ગ્રેડના અધિકારીઓને ગાડી ફાળવી અપાય તેની માહિતી માંગવામાં આવેલ. જે અંગે કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી મ્યુ. વર્કશોપ તરફથી ઓટો વર્કશોપ આનં.૭૧૧ તા.૧ ૩–૧૦–૦૯ થી આસી. જંતુનાશક અધિકારીને મે. કમિશ્નરશ્રીની મંજુરી અન્વયે ગાડી ફાળવવામાં આવેલ છે. જયારે કયા ગ્રેડના અધિકારીને ગાડી ફાળવવાની હોય છે તે બાબતે પર્સોનલ ઓફિસર મહેકમ વિભાગને અરજી તબદીલ કરવામાં આવેલ છે તેવું જણાવેલ છે. અરજદારે આસી. જંતુનાશક અધિકારીને ગાડી કેવી રીતે ફાળવવામાં આવી તેની માહિતી આપવામાં આવેલ નથી અને અરજી તબદીલ કરવામાં આવેલ છે. જે હકીકીત જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે કે આસી. જંતુનાશક અધિકારીને ગાડી કમિશ્નરશ્રીની મંજુરીથી આપવામાં આવેલ છે અને બાકીની વિગત માટે અરજી તબદીલ કરવામાં આવેલ છે. મુદ્દા નં.૧૪ ફાયલેરીયા ખાતામાં ચીફ સેનેટરીની કેટલી જગ્યા છે તેની કેમ ભરવામાં આવતી નથી. તથા તે પોસ્ટ પર કોની નિમણૂંક કરવામાં આવી છે ચીફ સેનેટરી ઈન્સ્પેકટર બહોળો અનુભવ ધરાવતા હોય અને કોર્ટનું જ્ઞાન ધરાવતો હોય તો પોસ્ટ કેમ ખાલી રાખવામાં આવી છે પોસ્ટ ખાલી રાખવાનું કારણ તેવી માહિતી માંગવામાં આવેલ. જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારી તરફથી ફાઈલેરીયા મલેરીયામાં ચીફ સેનેટરી ઈન્સ્પેકટરની જગ્યા નથી તેવો જવાબ આપવામાં આવેલ છે જે બાબતે અરજદારે અપીલમાં ખોટો હોવાનો જણાવેલ છે. મુદ્દા નં. (૧૫) નાના વરાછા ગામતળમાં ચૂંટણીની આચાર સહિતા દરમ્યાન કેટલા નવા બાંધકામો વગર પરવાનગીએ થયેલ છે. અને હાલમાં કેટલા બાંધકામો ચાલુ છે. ખાડી પર કોર્પો. ના દફતરના માપ છે તેના કરતાં વધુ બાંધકામ થયેલ છે તો તેઓના પ્લાન પાસ છે કે નહીં કે પછી સરકારી જમીન પર દબાણ કરી બાંધકામ કરેલ છે. તેની સામે પણ કેવા પગલા લીધા તેની માહિતી માંગવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અત્રે ઉપલબ્ધ રેકર્ડ મુજબ માંગેલ માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નહોઈ આપી શકાય એમ નથી તેવો જવાબ આપેલ છે જેની સામે અરજદારે અપીલ અરજીમાં ખાડી ઉપર બે બાંધકામો થયેલા છે અને પટેલ ફળીયાના નાકા પર હાલ ઉપરનો માળ પણ લીધેલ છે. તપાસ કરશો તો તરત નવા બાંધકામ થયેલા માલુમ પડી જશે. જવાબદાર અધિકારી સામે ખોટા જવાબ સામે કાર્યવાહી થવી જોઈએ તેવી રજૂઆત કરેલ છે. મુદ્દા નં. (૧૬) રત્ના ચેમ્બર્સ વરાછારોડ રાજ મેડીકલની નીચે અંડર ગ્રાઉન્ડમાં ઓપન ટુ સ્કાય કવર કરી પગથિયા બનાવીને દુકાન બનાવવામાં આવેલ છે તે કાયદેસર છે કે ગરેકાયદેસર જો ગેરકાયદેસર હોય તો આપના ખાતા તરફથી શું પગલા લેવામાં આવ્યા તેની માહિતી માંગવામાં આવેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અત્રે ઉપલબ્ધ રેકર્ડ મુજબ પ્રશ્નવાળી દુકાન કાયદેસર હોવાનું જણાતી નથી. તેમજ પગલા બાબતની માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોઈ આરટીઆઈના કાયદા હેઠળ માહિતી આપવાની રહેતી નથી. તેની સામે અરજદારે કાયદેસર રીતે જવાબદારીમાંથી છટકી જવા માંગે છે તેવી રજૂઆત કરેલ છે. મુદ્દા નં.૧૫ અને ૧૬ બાબતે આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

અરજદારે તા.૨૯–૧૦–૦૯ ની અપીલમાં મુદ્દા નં.૧ થી ૭ બાબતે માહિતી આપવામાં આવેલ છે તેવું અરજદારે તેથી તે અંગેકોઈ તકરાર નથી. પરંતુ મૃદ્દા નં.૫ અંગે કેસોના નિકાલની માહિતી આપેલ નથી તેવું જણાવેલ. મુદ્દા નં.(૫) પી.જે. જરીવાલા એડવોકેટની ૨૦૦૬ થી આજ દિન સુધી કયા કયા કેસોમાં કેટલી ફી ચૂકવી તેની માહિતી અને તેઓ પેનલ બહારના વકીલ છે કે નહીં તેની માહિતી અને તેમની લો કમિટિ ધ્વારા નિમણૂંક પેનલ પર કરવામાં આવી છે કે નહીં તેની માહિતી.મુદ્દા નં.( ૬) પી.જે. જરીવાલા જેટલા કેસોમાં નિમણૂંક કરવામાં આવી હોય તેની માહિતી અને તેમાં કેટલી ફી ચૂકવવામાં આવી તેની માહિતી માંગવામાં આવેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી શ્રી પી.જે. જરીવાલાને કુલ ૫૫ કેસોમાં નિમણૂંક કરવામાં આવી અને નિકાલ થયેલા કેસોમાં રૂા.૩૩,૭૬૨/– ની ફી ચૂકવવામાં આવેલ છે.તેવી આપેલી માહિતી સામે અરજદારે અપીલ અરજીમાં અપીલ તબકકે તા.૭–૧૧–૦૯ ના રોજ પત્ર પાઠવી શ્રી પી.જે.જરીવાલાને કુલ કેટલા કેસો આપવામાં આવેલ છે. અને દેરક કેસમાં કેટલી ફી ચૂકવવામાં આવેલી છે તેના બદલે સીધો જવાબ ૫૫ કેસોમાં નિમણૂંક કરવામાં આવેલ છે.પરંતુ મને માહિતી મુજબ એમને ફકત વરાછાઝોનમાં આકારણીને લગતા તમામે તમામ કેસો શ્રી પી.જે.જરીવાલને આશરે ૮૦૦ જેટલા કેસો આપેલ છે અને એમાં કેટલા કેસોનો નિકાલ થયો તેની માહિતી પણ આપવામાં આવેલ છે તેથી લો ખાતાના અધિકારીએ ગેરમાર્ગે દોરે તેવો જવાબ આપેલ છે. જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં મુદ્દા નં.૫ બાબતે એડવોકેટ શ્રી પી.જે. જરીવાલાને કુલ ૨૫ કેસોમાં કુલ રૂા.૩૩,૭૬૨/– નિકાલ થયેથી ચૂકવવામાં આવેલ છે તેવી માહિતી જાહેર માહિતી અધિકારીએ આપેલ છે. હકીકત ધ્યાને લઈ અત્રેના પત્ર નં.૯૫૬ તા.૩–૧૨–૦૯ અન્વયે બં ને પક્ષકારોને સુનાવણી માટે બોલાવવામાં આવેલ. જેમાં તા.૮–૧૨–૦૯ ના રોજ બપોરે ૪.૦૦ કલાકે રાખવામાં આવેલ સુનાવણીમાં અરજદાર

પોતે ઉપસ્થિત રહી જણાવેલ કે મુદ્દા નં.૮ માં મને કોઈ નકલ મળેલ નથી. મુદ્દા નં.૯ માટે પ્રશ્ન સ્પષ્ટ નથી. નં.૧૧ ની અંશતઃ માહિતી મળી છે બાકીની અંશતઃ માહિતી માટે મહેકમને જણાવેલ છે.તથા મુદ્દા નં.૧૫ અને ૧૬ ની માહિતી મળેલ નથી એવું સુનાવણી દરમ્યાન જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આપવામાં આવેલ તેવું જણાવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી મહેકમ તરફથી મ. જાહેર માહિતી અધિકારી પર્સોનલ ઓફિસર મહેકમે હાજર રહી જણાવેલ કે મુદ્દા નં.૮ માટે દફતરી ઉપલબ્ધ માહિતી આપવામાં આવેલ છે. મુદ્દા નં.૧૧ ની અંશતઃ માહિતી મળી છે પરંતુ તે અરજી તેમને તબદીલ થઈ મળેલ નથી. સુનાવણીના અનુસંધાને મુદ્દા નં.૧૧ ની આંશિક માહિતી પૂરી પાડવા તેમણે તૈયારી દર્શાવેલ છે.

## ***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૪–૯–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૧૧ ની બાકી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ દિન–૭ માં પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી મહેકમ અને ડે.કમિશનર(પઅનેઈ) ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨ – ૦૯

ડે.***કમિશનર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), ડે.કસ્મિશનર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ વિભાગ)... જાણ તથા અમલ માટે

(૨) શ્રી ડો. બાબુલાલ એમ. શાહ,